# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૪/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૪૭** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૦૯.૮૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં પાંડેસરા – બમરોલીના રહેણાંક વિસ્તારોમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત **૨૨** મિલકતોની મુલાકાત પૈકી **૦૬** મિલકતોના પાણી અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરતા સ્થળ પર કુલ **રૂા. ૩,૦૬,૮૩૭/–** ની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૫૬.૬૫** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૯૭** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૧૭** મિલકતોની સ્થળ પર **રૂા.૮૦,૨૧૪/–** ની વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનમાં ડે. કમિશનરશ્રી (ટીડીઓ) તથા એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૭, નોંધ નં.૧૨૬૨/અ/૨/બ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૩/૦૭/૧૫ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ/ મિલ્કતદાર મે. શકુન ઈન્ફ્રા પાર્ટનરશીપ ફર્મ ના પાર્ટનરશ્રી મો. ઐયુબ ગુલામ હુસેન કોઠાવાલા તથા અન્યો તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ છઠ્ઠા માળ પર આશરે ૪૦૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ સ્ટાફ તથા મધ્યસ્થ શહેર વિકાસ સ્ટાફ ધ્વારા સંયુક્ત રીતે તા.૧૪/૦૨/૧૮ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

વધુમાં સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ તથા દબાણના સ્ટાફ મારફત રીંગરોડ વિસ્તારમાં રોડ/ ફુટપાથ પર દબાણ કરવામાં આવેલ કુલ ૦૮ લારીઓ તથા ૪૫ નંગ પાથરણા/બેનર દૂર કરી રૂા. ૩૩,૧૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ......753..........
તા.૧૪/૦૨/૨૦૧૮

૭૫૪

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૩** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૪.૧૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં પાંડેસરા – ચીકુવાડીના રહેણાંક વિસ્તારોમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત **૨૫** મિલકતોના બાકી વેરા પેટે નળ કનેકશન કાપવામાં આવેલ જે પૈકી **૦૮** મિલકતોના પાણી અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરતા સ્થળ પર કુલ **રૂા. ૨.૫૦** લાખથી વધુ ની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૭૦.૨૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૫૧** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## <u>પ્રેસનોટ</u>

સુરત શહેરના શહેરીજનોમાં કલાગુણો વિકસાવવાના હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે રાહત દરના ડાન્સ, એરોબિકસ, મ્યુઝિક કલાસ ફોર ગિટાર, મ્યુઝિક કલાસ ફોર વોકલ, ડ્રોઈંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા હેન્ડ રાઈટીંગ જેવા વિવિધ વર્ગો શરૂ કરવાનું આયોજન હોય, જે વર્ગોમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનોનાં રજીસ્ટ્રેશન કરવા અંગેનો સર્વે તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ છે. જે સર્વેમાં ભાગ લેવા માટે...

<u>ઓફલાઈન સર્વે</u> :: પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધીમાં સર્વે ફોર્મ ભરીને સર્વેમાં ભાગ લઇ શકાશે.

<u>ઓનલાઇન સર્વે</u> :: સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર સર્વે ફોર્મ ભરી ભાગ લઇ શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરત ... સાહર
... 755
તા.૧૫-૦૨-૨૦૧૮

## —:: પ્રેસનોટ ::—

સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ માર્કેટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આજ તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- માર્કેટ વિસ્તારમાં રીંગરોડ પર આવેલ અલગ–અલગ માર્કેટોના દુકાનદારો ધ્વારા રસ્તા પર વાહનો ઉભા રાખી કાપડના તાકાઓના લોડીંગ તથા અનલોડીંગ કરી ટ્રાફિકની સમસ્યા ઉપસ્થિત કરવામાં આવે છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા તથા સેન્ટ્રલ ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તાર સ્ટાફ સહિત આવા પ્રકારે કમેલા દરવાજા થી આંજણા ગળનારા સુધી તથા કમેલા દરવાજા થી સ્ટેશન સુધીના રસ્તા પર વાહનો ઉભા કરી કરવામાં આવતા કાપડના લોડીંગ –અનલોડીંગ અટકાવી માલ–સામાન જપ્ત કરવામાં આવેલ છે તેમજ રસ્તા પરના દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- આ ઉપરાંત અલગ–અલગ માર્કેટોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબ દર્શાવવામાં આવેલ પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે સર્વે કરી માર્કેટોમાં પાર્કિંગમાં કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ તથા પાર્કિંગ વિસ્તારનો કરવામાં આવતો બિનઅધિકૃત વપરાશ બંધ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત (૧)વોર્ડ નં.: ૩ (સલાબતપુરા) સી.સ. નં.: ૨૮૨૫, ૨૮૨૮ પૈકી વિગેરે વાળી જગ્યામાં આવેલ યુનિવર્સલ ટેક્ષટાઈલ માર્કેટમાં ગ્રા. ફ્લોર ઉપર મંજુર કરેલ ૪૫૦.૦ ચો.મી. (૪૮૦૦ ચો.ફુટ) પાર્કિંગ વિસ્તારમાં બનાવેલ એક કેન્ટીનનું બાંધકામ તથા સ્ટોરેજના બિનઅધિકૃત વપરાશને દુર કરીને સદરહું પાર્કિંગ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. (૨)વોર્ડ નં.: ૪, સી.સ. નં.: ૨૧૯૦ પૈકી વિગેરે વાળી જગ્યામાં આવેલ પદમાવતી ટેક્ષટાઈલ માર્કેટમાં ગ્રા. ફ્લોર પર ૧૫૦.૦ ચો.મી. (૧૬૦૦ ચો.ફુટ) માપ વિસ્તારમાં મંજુર થયેલ પાર્કિંગ વિસ્તારમાં કાપડના તાકાઓના સ્ટોરેજનો બિનઅધિકૃત વપરાશ બંધ કરાવીને તેટલું પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે. (૩)વોર્ડ નં.: ૪, સી.સ. નં.: ૧૬૪૧, ૧૬૪૨ વાળી જગ્યામાં આવેલ જયશ્રી માતાજી હાઉસના બેઝમેન્ટમાં ૧૨૫.૦ ચો.મી. (૧૩૦૦ ચો.ફુટ) વિસ્તારના મંજુર થયેલ પાર્કિંગમાં કાપડના તાકાઓના સ્ટોરેજના બિનઅધિકૃત વપરાશ બંધ કરાવીને પાર્કિંગ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

આમ, ઉપર જણાવ્યા મુજબ દબાણ દુર કરવાની તથા પાર્કિંગ ખુલ્લુ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૧૫/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:** 756

૭૫૭

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૯/૦૨/૨૦૧૮ થી તા.૧૫/૦૨/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૫૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ તથા દબાણ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/એડી. સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેરશ્રી, શહેર વિકાસ વિભાગના સ્ટાફ તથા દબાણ વિભાગના કર્મચારીઓ સહિતના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર ધાસ્તીપુરા **રૂ**બી કોમ્પલેક્ષ, રામપુરા નાગોરી વાડ, અને લાલગેટ ખાંડ બજાર પર દબાણકર્તાઓ ધ્વારા કરવામાં આવેલ દબાણ આજરોજ તા.૧૫/૦૨/૧૮ દૂર કરવામાં આવેલ છે.

સદરહુ કામગીરી દરમ્યાન નીચે જણાવેલ સામાન જમા લેવામાં આવેલ છે.

૧. બંધ લારી –૦૨

૨. લાકડાના કાઉન્ટર–૦૨

૩. લોખંડનું ટેબલ–૦૩

૪. પાથરણા–૩૦

૫. અન્ય પરચુરણ સામાન–૧૦

૬. બેનર/ પોસ્ટર – ૧૫

**કુલ – ૬૨**

વધુમાં ડે. કમિશનરશ્રી (ટીડીઓ) તથા એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં. ૦૩ (સલાબતપુરા) ખાતે આવેલ યુનિવર્સલ ટેક્ષટાઈલ માર્કેટમાં ભોંયતળિયાના પાર્કિંગવાળા ભાગે અનઅધિકૃત કેન્ટીનનું બાંધકામ મધ્યસ્થ શહેર વિકાસ સ્ટાફ તથા સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફ ધ્વારા સંયુકત રીતે તા.૧૫/૦૨/૧૮ ના રોજ દૂર કરી અંદાજિત ૨૦૦ ચો. ફૂટ પાર્કિંગ એરીયા ખુલ્લો કરેલ છે.

## જાહેર સૂચના

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં હાલ કાયમી આધારનોંધણી કેન્દ્ર કાર્યરત છે. તે પૈકી તમામ ઝોન ઓફિસ ખાતેના આધારનોંધણી કેન્દ્રો તા.૧૮–૦૨–૨૦૧૮ના રોજ રવિવારના દિવસે સવારે ૧૦.૦૦ થી બપોર ૩.૦૦ કલાક દરમ્યાન કાર્યરત રહેશે. જેથી આધારનોંધણીમાં બાકી રહેતા રહીશોના આધારનોંધણી તેમજ આધાર સુધારણાની કામગીરી કરાવવા વિનંતી.

એડી.સીટીઈજનેર(સીવીલ)
સુરત મહાનગરપાલિકા
સુરત.

જનસંપર્ક વિભાગ
759
તા.૧૬-૦૨-૨૦૧૮

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૪૮ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૨.૪૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં વડોદ રહેણાંક વિસ્તારમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત કુલ **૧૧** મિલકતોના બાકી વેરા પેટે નળ અને ડ્રેનેજના કનેકશન કાપવાની કાર્યવાહી કરતા તે પૈકી **૧૦** મિલકતદારોએ સ્થળ પર કુલ **રૂા.૯૫,૦૦૦/–** થી વધુ બાકી વેરો ભરપાઈ કરેલ છે. જયારે **૦૧** મિલકતનું પાણી અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૭૦.૮૮** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૯૦** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા દ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આજ તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજથી અલગ–અલગ રસ્તા પરના દબાણ દુર કરવાની તથા અલગ–અલગ બિલ્ડીંગોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબના પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે અંગે સર્વે કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવા સંબંધી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જે કામગીરી આજ તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ આગળ ધપાવવામાં આવેલ છે. જે અનુસંધાને આજ રોજ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- ટી.પી. સ્કીમ નં.: ૩૧ (અડાજણ), ફા. પ્લોટ નં.: ૧૨૨ વાળી જગ્યામાં આવેલ અગ્રવાલ હાઉસ વાળી મિલ્કતમાં ગ્રા. ફલોર પર મંજુર કરવામાં આવેલ પાર્કિંગ વિસ્તાર ૧૨૦ ચો.મી. (૧૨૯૦ ચો.ફુટ) માં કરવામાં આવેલ શો–રૂમના બાંધકામ દુર કરાવવામાં આવેલ છે તથા બેઝમેન્ટ ફલોરમાં મંજુર કરવામાં આવેલ પાર્કિંગ વિસ્તાર ૧૨૦ ચો.મી. (૧૨૯૦ ચો.ફુટ) માં પાર્કિંગનો ગોડાઉન તરીકે કરવામાં આવતા બિનઅધિકૃત વપરાશ બંધ કરીને કુલ ૨૪૦ ચો.મી. (૨૫૮૦ ચો.ફુટ) પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૬૧ (પરવટ–ગોડાદરા), ફા. પ્લોટ નં.: ૧૩૦/બ વાળી જગ્યામાં હયાત ગ્રા. ફલોર + એક માળના બાંધકામની ઉપર પરવાનગી વગરના બીજા માળના ૧૮૯ ચો.મી. (૨૦૨૫ ચો. ફુટ) આર.સી.સી. બાંધકામ તથા પ્રથમ માળના ૩૨૦ ચો.મી. (૩૪૫૦ ચો. ફુટ) માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલના બિનઅધિકૃત બાંધકામ મળી કુલ ૫૦૯ ચો.મી. (૫૪૭૫ ચો.ફુટ)દુર કરવામાં આવેલ છે.
- વોર્ડ નં.: ૪ (બેગમપુરા), સી.સ. નં.: ૧૨૪૨ પૈકી વાળી જગ્યામાં આવેલ હાઈટેક માર્કેટ વાળા બિલ્ડીંગમાં મંજુર પ્લાનમાં બેઝમેન્ટ લેવલે દર્શાવવામાં આવેલ પાર્કિંગમાં ૧૩૦ ચો.મી. (૧૪૦૦ ચો.ફુટ) માપ વિસ્તારમાં બનાવવામાં આવેલ દુકાન / સ્ટોરના બિનઅધિકૃત બાંધકામ દુર કરી પાર્કિંગ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૧૩ (ભરથાણા–વેસુ), ફા. પ્લોટ નં.: ૨૬ વાળી જમીનમાં આવેલ "ભદાણી એરા" નામના કોમર્શીયલ કોમ્પલેક્ષમાં પાછળના ભાગે કોમન પ્લોટ સહિતની જગ્યામાં મંજુર કરેલ પાર્કિંગની જગ્યામાં અંદાજે ૨૨૦ ચો.મી. (૨૩૭૦ ચો.ફુટ) વિસ્તારમાં ચણતરની દિવાલો સહિતનું કરેલ બાંધકામ દુર કરીને પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

આમ, ઉપર જણાવ્યા મુજબ બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની તથા પાર્કિંગ ખુલ્લુ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૧૬/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.: 761 : 1.**

## ઈન્ડીયન વોટર વર્કસ એસોસીએશન એવોર્ડસ

ઈન્ડીયન વોટર વર્કસ એસોસિએશન સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૧ અન્વયે નોંધાણી થયેલ સંસ્થા છે જેની સ્થાપના વર્ષ ૧૯૬૮ દરમ્યાન કરવામાં આવેલ જેનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં વિવિધ સંસ્થાઓ, મ્યુનિસિપલ સેક્ટર, ખેતી ,ઔદ્યોગિક એકમો વિગેરેમાં વોટર તથા વેસ્ટ વોટર શુદ્દિકરણ જેવા ક્ષેત્રોમાં વ્યવસાયિકરીતે સહાય પુરું પાડવાનું છે. ઉલ્લેખનીય ક્ષેત્રમાં સંકળાયેલા વિવિધ ઈજનેરો, વૈજ્ઞાનિકો, રાજ્ય સરકારશ્રી, કેન્દ્ર સરકારશ્રી સાથે સંકળાયેલા વિવિધ વિભાગોનાં અધિકારીશ્રીઓ આ સંસ્થાની મેમ્બરશિપ ધરાવે છે જે અન્વયે દેશ ભરમાં લગભગ ૮૯૦૦ થી વધુ સભ્યો નોંધાયેલ છે.

વોટર તથા વેસ્ટ વોટર સેક્ટરમાં દેશ ભરમાં થઇ રહેલ કામગીરીઓ /બેસ્ટ પ્રેક્ટિસીસ, પ્રોજેક્ટ વિગેરેને પ્રોત્સાહન આપવાના હેતુથી દર વર્ષે ઈન્ડીયન વોટર વર્કસ એસોસિએશન દ્વારા નોમિનેશન મંગાવવામાં આવે છે તથા વિવિધ કેટેગરી અંતર્ગત એવોર્ડ્સ જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ દરમ્યાન ઈન્ડીયન વોટર વર્કસ એસોસિએશન દ્વારા એપ્રિલ – જુન – ૨૦૧૭ દરમ્યાન પ્રકાશિત કરવામાં આવેલ જર્નલ અન્વયે વોટર તથા વેસ્ટ વોટર સેક્ટરમાં કરવામાં આવેલ કામગીરીને લગતા નોમિનેશન્સ મંગાવવામાં આવેલ જેમાં હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિવિધ કેટેગરી અંતર્ગત નોમિનેશન્સ જમા કરાવવામાં આવેલ.

| ક્રમ | એવોર્ડ કેટેગરી | જમા કરાવવામાં આવેલ નોમિનેશન |
|---|---|---|
| ૧. | જળ નિર્માતા પુરસ્કાર | 1. સુરત શહેર પાણી પુરવઠા વ્યવસ્થામાં સ્થાપિત કરેલ વોટર ક્વોલિટી મોનીટરીંગ સીસ્ટમ<br>2. ક્લાઈમેટ ચેન્જની સંભવિત અસરોને પહચી વળવા શહેર પાણી પુરવઠા વ્યવસ્થામાં કરવામાં આવેલ આયોજનો |
| ૨. | આઈવા - જળ સેવા પુરસ્કાર | "વેલજીભાઈ" - શહેરીજનો તરફથી પાણી પુરવઠા વ્યવસ્થા સંચાલન અંગે ફીડબેક લેવાની અનોખી પદ્ધતિ |
| ૩. | વોગ વાલ્વસ (ઈન્ડિયા) પ્રા.લી., એવોર્ડ્સ | શહેરમાં ન્યુ નોર્થ વિસ્તારમાં સ્થાપિત કરેલ ૨૪ x ૭ આધારિત પાણી પુરવઠા વ્યવસ્થામાં થયેલ વોટર લોસ મોનીટરીંગ તથા નિયંત્રણ ની કામગીરી |
| ૪. | ઇન્દુસ્તાન ડોર ઓલીવર પ્રાઈઝસ | 1. "વેલજીભાઈ" - શહેરીજનો તરફથી પાણી પુરવઠા વ્યવસ્થા સંચાલન અંગે ફીડબેક લેવાની અનોખી પદ્ધતિ તથા થયેલ સુધાર બાબત<br>2. શહેરમાં વોટર કન્ઝર્વેશન બાબતે જાગરૂકતા કેળવાય તે હેતુસર તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓનાં મોબાઈલમાં કોલર ટ્યુન સેટ કરવા અન્વયે થયેલ ઈમ્પેક્ટ એનાલિસિસ |
| ૫. | ભોર્ગે (ઈન્ડિયા) પ્રા.લી.,એવોર્ડ | શહેરમાં ન્યુ નોર્થ વિસ્તારમાં સ્થાપિત કરેલ ૨૪ x ૭ આધારિત પાણી પુરવઠા અંતર્ગત થયેલ લાભો બાબત |

ઈન્ડીયન વોટર વર્કસ એસોસિએશનની વડોદરા શાખા દ્વારા તમામ નોમિનેશન્સને વિવિધ એવોર્ડ્સ માટે ભલામણ કરેલ જે પૈકી મુંબઈ ખાતેની મુખ્ય કચેરીએ નિમાયેલ જ્યુરી દ્વારા તમામ નોમિનેશન્સની ચકાસણી કરવામાં આવેલ તથા સુરત તરફથી જમા કરાવેલ વિવિધ નોમિનેશન્સ પૈકી નીચે દર્શાવેલ કેટેગરી તથા કામગીરીને એવોર્ડ માટે વિજેતા થયેલ જાહેર કરેલ છે.

| ક્રમ | એવોર્ડ કેટેગરી | જમા કરાવવામાં આવેલ નોમિનેશન |
|---|---|---|
| ૧. | વોગ વાલ્વસ (ઈન્ડિયા) પ્રા.લી., એવોર્ડ્સ | શહેરમાં ન્યુ નોર્થ વિસ્તારમાં સ્થાપિત કરેલ ૨૪ x ૭ આધારિત પાણી પુરવઠા વ્યવસ્થામાં થયેલ **વોટર લોસ મોનીટરીંગ તથા નિયંત્રણ ની કામગીરી** |
| ૨. | ભોર્ગે (ઈન્ડિયા) પ્રા.લી.,એવોર્ડ | શહેરમાં ન્યુ નોર્થ વિસ્તારમાં સ્થાપિત કરેલ **૨૪ x ૭ આધારિત પાણી પુરવઠા અંતર્ગત થયેલ લાભો બાબત** |

તા.૧૯-૦૨-૨૦૧૮નાં રોજ ગોઆ ખાતે ઈન્ડીય વોટર વર્કસ એસોસિએશન દ્વારા આયોજિત ૫૦મા અધિવેશન દરમ્યાન સુરત મહાનગરપાલિકાને ઉપરોક્ત બન્ને એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવનાર છે તથા ઉક્ત અધિવેશનમાં એવોર્ડ રીસીવ કરવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી હાઈડ્રોલિક વિભાગ નાં અધિકારીશ્રીઓ હાજરી આપનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૬ માં પુર પરીસ્થિતિ દરમ્યાન ૩૬ કલાક જેટલા નજીવા સમયમાં પાણી પુરવઠો પુનઃ કાર્યરત કરવા બદલ ઈન્ડીય વોટર વર્કસ એસોસિએશન દ્વારા સુરતને વ્યંકટેશ્વર દહાસહાસ્ત્ર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ ત્યારબાદ આ વર્ષે ઉપરોક્ત એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

*****************

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં 762
તા.17-2-૨૦18

૭૬૩

# –:: પ્રેસનોટ ::–

તા.૧૭–૦૨–૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૨૮ | ૨૯ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| **વરાછા** | ૮૦ | ૭૦ | ૪૭ | ૪૨ | ૮૪૦૦ |
| **રાંદેર** | ૬૨ | ૧૩ | ૨૫ | ૨૨ | ૪૪૦૦ |
| **કતારગામ** | ૫૩ | ૫૪ | ૩૫ | ૨૯ | ૫૮૦૦ |
| **ઉધના** | ૧૭૨ | ૨૮ | ૨૦ | ૧૫ | ૩૦૦૦ |
| **લિંબાયત** | ૭૦ | ૬૮ | ૨૨ | ૧૮ | ૩૬૦૦ |
| **અઠવા** | ૮૮ | ૬૬ | ૨૧ | ૨૧ | ૪૨૦૦ |
| **કુલ** | ૫૫૩ | ૩૨૮ | ૧૮૯ | ૧૬૬ | ૩૩૨૦૦ |

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આજ તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજથી અલગ–અલગ રસ્તા પરના દબાણ દુર કરવાની તથા અલગ–અલગ બિલ્ડીગોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબના પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે અંગે સર્વે કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવા સંબંધી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જે કામગીરી આજ તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ આગળ ધપાવવામાં આવેલ છે. જે અનુસંધાને આજ રોજ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

– સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.: ૧ (વેસુ) ફા. પ્લોટ નં.: ૨૩ પૈકીની "ગીતા રેસ્ટોરન્ટ" તરીકે ઓળખાતી મિલ્કતમાં તેમજ ટી.પી. સ્કીમ નં.: ૬ (પીપલોદ) ફા. પ્લોટ નં.: ૧૩૩ પૈકીની "બીગ બજાર" તરીકે ઓળખાતી મિલ્કતમાં બેઝમેન્ટમાં પાર્કિંગ વાળા ભાગમાં કરેલ દબાણ / બિનઅધિકૃત ઉપયોગ દુર કરી કુલઃ ૩૦૭ ચો.મી. (૩૩૦૫ ચો.ફુટ) પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

– સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.: ૧૧, સી.સ. નં.: ૬૨૩, ૬૨૫, ૧૦૮૭ વાળી મિલ્કતમાં પાર્કિંગમાં કરેલ દબાણ દુર કરી ૪૫ ચો.મી. (૪૮૪ ચો.ફુટ) પાર્કિંગ ખુલ્લુ કરાવેલ છે તથા વોર્ડ નં.:૫, નોંધ નં.: ૧૯૩૭, ૧૯૩૮ વાળી "એપલ હાઉસ" તરીકે ઓળખાતી મિલ્કતમાં પાર્કિંગમાં કુલઃ ૪૦ ચો.મી. (૪૩૦ ચો. ફુટ) વિસતારમાં કરેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરીને પાર્કિંગ ખુલ્લુ કરાવેલ છે.

– સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.: ૭ (આંજણા) ના ફા. પ્લોટ નં.: ૨ વાળી જમીનમાં આવેલ "રીતુરાજ" માર્કેટ" માં પાર્કિંગ વાળા ભાગમાં ૧૭૫ ચો.મી. (૧૮૮૩ ચો. ફુટ) વિસ્તારમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરીને પાર્કિંગ ખુલ્લુ કરેલ છે.

– ઈસ્ટ ઝોન (વરાછા) માં ટી.પી. સ્કીમ નં.: ૧૮ (મોટાવરાછા) ના ફા. પ્લોટ નં.: ૫૩ વાળી જમીનમાં આવેલ "સનરાઈઝ કોમર્શીયલ કોમ્પલેક્ષ" માં પાર્કિંગના કુલ ૩૦૦ ચો.મી. (૩૨૨૮ ચો. ફુટ) વિસ્તારમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરીને પાર્કિંગ ખુલ્લુ કરાવેલ છે.

– સાઉથ ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.: ૬ (મજુરા–ખટોદરા), ફા. પ્લોટ નં.: ૨૬૭ વાળી જમીનમાં આવેલ "રોકડોડ" બિલ્ડીંગમાં પાર્કિંગના કુલ ૧૪૦ ચો.મી. (૧૫૦૬ ચો. ફુટ) વિસ્તારમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરીને પાર્કિંગ ખુલ્લુ કરાવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૧૭/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:**

૭૬૫

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૪૩** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂ.૦૯.૮૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં પાંડેસરા રહેણાંક વિસ્તારમાં સીતાનગર–૧ અને લક્ષ્મીનારાયણનગર–ર સોસાયટીમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત કુલ **૩૩** મિલકતોના બાકી વેરા પેટે નળ અને ડ્રેનેજના કનેકશન કાપવાની કાર્યવાહી કરતા તે પૈકી **૨૩** મિલકતદારોએ સ્થળ પર કુલ **રૂ.૧,૬૦,૦૦૦/–** થી વધુ બાકી વેરો ભરપાઈ કરેલ છે. જયારે **૧૦** મિલકતનું પાણી અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂ.૪૪.૭૨** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂ.૧.૯૭** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ''શ્રી છત્રપતિ શિવાજી સ્મારક''ની પુનઃસ્થાપનવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયના વરદ્દહસ્તે આજરોજ કરણીમાતા ચોક, ન્યુ બોમ્બે માર્કેટ સામે,સુરત–કડોદરા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ.

કરણીમાતા ચોક,ન્યુ બોમ્બે માર્કેટ સામે,સુરત–કડોદરા રોડ, સુરત ખાતે ''શ્રી છત્રપતિ શિવાજી મહારાજ'' ની પ્રતિમાને આદર, માન અને સન્માન સાથે ઉપરોકત સ્થળે ''શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક'' બનાવી તેના પર પુન : સ્થાપિત કરવામાં આવેલ છે.આ સ્મારકની લંબાઈ ૧૩.૯૧૦ મીટર,પહોળાઈ ૧૨.૭૮૮ મીટર અને કુલ ક્ષેત્રફળ ૧૭૭.૮૮ ચો.મીટર છે.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ, માન.માજી. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ(બગદાણાવાળા,),માન.માજી.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુ.સદસ્યશ્રીઓ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યમાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## **પ્રેસનોટ**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યોગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૯/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૪૬ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂ.૧૦.૩૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં ઉધના રહેણાંક વિસ્તારમાં અંબર કોલોનીમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત કુલ **૦૯** મિલકતોના બાકી વેરા પેટે નળ અને ડ્રેનેજના કનેકશન કાપવાની કાર્યવાહી કરતા મિલકતદારોએ સ્થળ પર કુલ **રૂ.૧,૨૦,૦૦૦/-** થી વધુ બાકી વેરો ભરપાઈ કરેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂ.૪૩.૮૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા ૦૭ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂ.૧.૨૮** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
૧૯/૦૨/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. 767

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ અલગ–અલગ રસ્તા પરના દબાણ દુર કરવાની તથા અલગ–અલગ બિલ્ડીંગોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબના પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે અંગે સર્વે કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવા સંબંધી આજ તા.૧૯/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

– વોર્ડ નં.: ૩, સી.સ. નં.: ૧૦૯૧, ૧૦૯૨, ૧૦૯૩ વાળી જગ્યામાં આવેલ પર્લ રેસીડેન્સી વાળી મિલ્કતમાં ગ્રા. ફ્લોર પર પાર્કિંગમાં ૬૦ ચો.મી. (૬૫૦ ચો. ફુટ) વિસ્તારમાં કરવામાં આવેલ બિનઅધિકૃત દુકાનના બાંધકામ દુર કરી પાર્કિંગ ખુલ્લુ કરાવેલ છે.
– વોર્ડ નં.: ૭, સી.સ. નં.: ૮૨૨ વાળી જગ્યામાં મંજુર પ્લાનમાં દર્શાવેલ ગ્રા. ફ્લોર પર પાર્કિંગમાં કરવામાં આવેલ ફ્લેટના બાંધકામ તથા પાંચમાં માળે કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ મળી કુલઃ ૩૦.૦ ચો.મી. (૩૨૫ ચો. ફુટ) બાંધકામ દુર કરવામાં આવેલ છે.
– ટી.પી. સ્કીમ નં.: ૬૯ (ગોડાદરા–ડીંડોલી) માં ડીંડોલી–ખરવાસા રોડ પર આવેલ ફા. પ્લોટ નં.: ૧૫૯/એ, સેવન સ્કવેર વાળી મિલ્કતના બેઝમેન્ટના પાર્કિંગવાળા ભાગમાં દિવાલ બનાવી શટર લવાવી ગોડાઉન તરીકે વપરાશ હેઠળની અંદાજીત ૪૦૦ ચો.મી. (૪૩૦૦ ચો. ફુટ) જેટલી જગ્યા ની દિવાલ તથ શટર દુર કરી પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.
– ટી.પી. સ્કીમ નં.: ૬૯ (ગોડાદરા–ડી ડોલી), ફા. પ્લોટ નં.: ૧૫૬, સાંઈ એવન્યુ તથા ૧૫૪/એ, મધુરમ એપાર્ટમેન્ટ તથા ફા. પ્લોટ નં.: ૧૬૨/એ, કૈલાસ રેસીડેન્સી તથા ફા. પ્લોટ નં.: ૧૪૪, સાંઈ દર્શન કોમ્પલેક્ષ વાળી મિલ્કતમાં ફ્રન્ટ સાઈડના માર્જીનવાળી પાર્કિંગની જગ્યામાં કાઉન્ટર, બેરીકેડીંગ, ટેબલ, લારી વિગેરેનું દબાણ દુર કરી માલ–સામાન જપ્ત કરી અંદાજીત ૪૧૭.૦ ચો.મી. (૪૫૦૦ ચો. ફુટ) જેટલું પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.
– ટી.પી. સ્કીમ નં.: ૫ (અઠવા–ઉમરા) ફા. પ્લોટ નં.: ૯૭ પૈકી વાળી જગ્યામાં આવેલ ડી–ડેકોરા વાળી મિલ્કતમાં મંજુર પ્લાનમાં બેઝમેન્ટમાં દર્શાવવામાં આવેલ સ્ટોરેજમાં ૨૭૫.૦ ચો.મી. (૨૮૬૦.૦ ચો. ફુટ) માપ વિસ્તારમાં કરવામાં આવેલ બિનઅધિકૃત દબાણ દુર કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
– ટી.પી. સ્કીમ નં.: ૧૮ (કતારગામ) ફા. પ્લોટ નં.: ૧૨૭, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં લક્ષ્મી સોસાયટી વાળી જગ્યામાં ૨૪.૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તામાં ૯૦ ચો.મી. (૧૦૦૦ ચો. ફુટ) વિસ્તારમાં કરેલ દબાણ દુર કરી ટી.પી. રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૧૯/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:** 768

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અઘૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૯/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા  વેરો ન ભરનાર કુલ **૪૬** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૦.૩૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં ઉધના રહેણાંક વિસ્તારમાં અંબર કોલોનીમાં બાકી મિલકતવેરાની વસુલાત અંતર્ગત કુલ **૦૯** મિલકતોના બાકી વેરા પેટે નળ અને ડ્રેનેજના કનેકશન કાપવાની કાર્યવાહી કરતા મિલકતદારોએ સ્થળ પર કુલ **રૂા.૧,૨૦,૦૦૦/–** થી વધુ બાકી વેરો ભરપાઈ કરેલ છે. તેમજ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૩.૮૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS  આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૭** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૨૮** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ અલગ–અલગ રસ્તા પરના દબાણ દુર કરવાની તથા અલગ–અલગ બિલ્ડીંગોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબના પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે અંગે સર્વે કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવા સંબંધી આજ તા.૨૦/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

- ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૧૩૫ વાળી જગ્યામાં આવેલ ગીરધર પેલેસ વાળી મિલ્કતમાં માર્જીન માં કરવામાં આવેલ દબાણ દુર કરી ૨૫૦ ચો.મી.(૨૭૦૦ ચો.ફુટ) પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૫૨/બી, સવાણી એસ્ટેટ વાળી મિલ્કતમાં ગ્રા.ફ્લોર પર પાર્કીંગ કવર્ડ કરી બનાવવામાં આવેલ વીડીયો થીયેટર દુર કરી ૯૫.૦૦ ચો.મી. (૧૦૨૫.૦૦ સ્કેવેરફુટ) પાર્કીંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) માં સમાવિષ્ટ કોહીનુર રોડ પર માર્જીનમાં બનાવવામાં આવેલ ઓટલાનું બાંધકામ દુર કરી માર્જીન ખુલ્લુ કરવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૪૯ (કતારગામ), ફા. પ્લોટ નં.: ૧,૨,૭,૮ વાળી જગ્યામાં ટી.પી.રોડને લાગુ માર્જીનમાં કરવામાં આવેલ પતરાના શેડના બાંધકામ દુર કરી ૩૩૦ ચો.મી. (૩૫૦૦ ચો.ફુટ) દબાણ દુર કરવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૫ (અઠવા–ઉમરા), ફા. પ્લોટ નં.: ૨૪૮ પૈકી, ઝવેરી હાઉસ વાળી મિલ્કતમાં ૯૦ ચો.મી.(૧૦૦૦ ચો.ફુટ) માપ વિસ્તારમાં પાર્કીંગમાં કરવામાં આવેલ બિનઅધિકૃત વપરાશ બંધ કરી પાર્કીંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- વોર્ડ નં.૪, સી.સ.નં.૨૦૦/એ/૧૬ વાળી જગ્યામાં મંજુર પ્લાન મુજબના પાર્કીંગમાં ૪૮ ચો.મી. (૫૦૦ ચો.ફુટ) માપ વિસ્તારમાં કરવામાં બિનઅધિકૃત બાંધકામ દુર કરી પાર્કીંગ દુર કરવામાં આવેલ છે.
- વોર્ડ નં.૭, સી.સ.નં.૩૩૬૦, વાળી મિલ્કતમાં છઠ્ઠા માળે કરવામાં આવેલ સ્લેબના શટરીંગ તથા માર્જીન અને પાંચમાં માળે કરવામાં આવેલ સ્લેબનાં ૬૦ ચો.મી. (૬૫૦ ચો.ફુટ) બિનઅધિકુત બાંધકામ દુર કરવામાં આવેલ છે.
- વોર્ડ નં.૧, સી.સ. નં.૩૯૯૨ વાળી જગ્યામાં આવેલ સાગર રેસ્ટોરન્ટ વાળી મિલ્કતમાં રોડ સાઈડ તરફે માર્જીન કવર્ડ કરી બનાવવામાં આવેલ પતરાના શેડ દુર કરી ૨૨ ચો.મી.(૨૪૦ ચો.ફુટ) દબાણ દુ કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા), ફા.પ્લોટ નં.૧૩૪ પ્રિયંકા સીટીપ્લસ વાળી બિલ્ડીંગના મંજુર પ્લાન માં માર્જીન તથા પાર્કીંગ તરીકે દર્શાવેલ જગ્યામાં થયેલ લારી ગલ્લાનું દબાણ દુર કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા), ફા.પ્લોટ નં.૭૨ માં માધવ રેસી. વાળી મિલ્કતમાં મંજુર પ્લાન મુજબ પાર્કીંગ તરીકે દર્શાવેલ જગ્યામાં દુકાન તથા ગોડાઉન તરીકે કરવામાં આવતો વપરાશ બંધ કરી પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૨૦/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:** 770 - 1[illegible]

# **પ્રે સ નો ટ**

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના અને આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ ફુડ સેફટી ઓફિસરો ધ્વારા (૧) ગૌતમ પ્રોવિઝન સ્ટોર, જુના બસ સ્ટેન્ડ પાસે, અમરોલી, સુરત તથા (૨) ગૌતમ સેલ્સ એજન્સી, નવા કોસાડ રોડ, સતાધાર ચીકડી, અમરોલી, સુરત ખાતે આવેલ સંસ્થાઓમાંથી સાંઈ ગંગા મસ્ટર્ડ ઓઈલના નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂ ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે તેમજ કુલ ૫૧ ડબ્બા સીઝ કરવામાં આવેલ છે.

૭૭૨

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અધૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૦/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા  વેરો ન ભરનાર કુલ **૪૬** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૯.૭૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૨.૯૫** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS  આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૭** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૨૮** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે. વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૩૫** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ ૦૪ મિલકતોના વોટર મીટરના કુલ **રૂા.૫૯૦૦૦/–** ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા માન. કમિશ્નરશ્રીની સીધી સુચનાથી તથા મા. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ અલગ–અલગ રસ્તા પરના દબાણ દુર કરવાની તથા અલગ–અલગ બિલ્ડીગોમાં મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબના પાર્કિંગ ખુલ્લુ છે કે કેમ? તે અંગે સર્વે કરી પાર્કિંગ ખુલ્લુ કરાવવા સંબંધી આજ તા.૨૧/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

- ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) માં સમાવિષ્ટ એસ.કે.પી. ક્રેન હાઉસ, સાયન્સ સેન્ટર વાળી સામેની મિલ્કતમાં બેઝમેન્ટ ફ્લોર પર કવર્ડ પાર્કિંગ દુર કરી, ૮૦.૦ ચો.મી. (૮૦૦.૦ ચો. ફુટ) પાર્કીંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- વોર્ડ નં.: ૫, સી.સ. નં.: ૩૮૯, છઠ્ઠા માળે, કરવામાં આવેલ સ્લેબ, ૨૦.૦ ચો.મી. (૨૦૦ ચો. ફુટ) બિનઅધિકૃત બાંધકામ દુર કરાવવામાં આવેલ તથા ગ્રા.ન્ડ ફ્લોર પર ૬૦.૦ ચો.મી. (૬૦૦ ચો. ફુટ) કવર્ડ પાર્કીંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- વોર્ડ નં.: ૧૧, સી.સ. નં. ૧૯૦૮ વાળી મિલ્કતના ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ કવર્ડ કરી બનાવેલ દુકાન દુર કરી ૨૦.૦ ચો.મી. (૨૦૦ ચો. ફુટ) પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૩૧ (અડાજણ), ફા. પ્લોટ નં.: ૧૦૦, ત્રીનીટી સેન્ટર વાળી મિલ્કતમાં લોઅર બેઝમેન્ટમાં પાર્કિંગ કવર્ડ કરી બનાવેલ ઓફિસ દુર કરી ૭૫.૦ ચો.મી. (૭૫૦ ચો. ફુટ) પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.: ૧૮ (કતારગામા) માં સમાવિષ્ટ લક્ષ્મીનગર સોસાયટીમાં ટી.પી. રોડ પરના પતરાનો શેડ, ૪૫.૦ ચો.મી. (૪૫૦ ચો. ફુટ) બિનઅધિકૃત બાંધકામ બાંધકામ દુર કરાવવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.૨૧/૦૨/૨૦૧૮**
**સુરત મહાનગર સેવા સદન**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:** ૭૭૩

# પ્રેસ નોટ :

તા.૨૧–૦૨–૨૦૧૮ નાં રોજ સ્મીમેર ખાતે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, કમિશ્નરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલનાં મેડીસીન વિભાગ માટે ક્રીટીકલ પેશન્ટસને અત્યંત ઓછી માત્રામાં પરંતુ એકધારી રીતે લાંબા સમય સુધી દવા આપવા સીરીંજ પંપ નંગ–૩૭ તથા પેશન્ટનાં મુખમાં તેમજ શ્વસન તંત્રમાં જમા થતો કફ તેમજ અન્ય પ્રવાહીને કાઢવા સકશન મશીન નંગ–૧૫ મળી કુલ રૂા.૧૬,૭૯,૦૩૬/– નાં ખર્ચે, ઓફથેલમોલોજી વિભાગમાં આંખનાં પડદાનાં રોગનાં ઓપરેશન માટે Vitrectomy Machine, મોતિયા બિંદુનાં ઓપરેશન માટે Phacoemulsification Machine તથા રેટીનાં કલીનીકમાં આવતા દર્દીઓ માટે Indirect Ophthalmoscope નંગ–૨ મળી કુલ રૂા.૫૩,૦૩,૯૨૧.૦૦ નાં ખર્ચે તથા પેથોલોજી વિભાગ માટે જુદા જુદા પ્રકારનાં લેબોરેટરી સાધનો કુલ રૂા.રૂા.૩૨,૨૬,૧૩૨/– નાં ખર્ચે ખરીદવાની ભલામણ કરવામાં આવી. તદઉપરાંત એમ.સી.આઈ.ની ગાઈડ લાઈન અન્વયે ડીજીટાઈઝેશનનાં ભાગરૂપે સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે પાંચ લેકચર હોલને e-Class તરીકે પ્રસ્થાપિત કરવાની ભલામણ થઈ.

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ–પૂર્વઝોન), ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્વઝોન(વરાછા)ના આરોગ્ય વિભાગને મળેલ ફરીયાદોના અનુસંધાને આરોગ્ય વિભાગ દ્વારા નાયબ આરોગ્ય અધિકારીની સૂચના મુજબ અશ્વનીકુમાર વોર્ડ વિસ્તારમાં આવેલ ડાઈંગ પ્રીન્ટીંગની મીલોમાં મુખ્ય આરોગ્ય નિરીક્ષકો, આરોગ્ય નિરીક્ષકો અને મદદનિશ આરોગ્ય નિરીક્ષકોની ટીમ બનાવી તા.૨૧/૦૨/૧૮ ના રોજ આકસ્મિક આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ.

(૧) શ્રી હરી પ્રોસેસ મીલ (૨)શ્રી સંત સાઈ સીલ્ક મીલ એમ કુલ ૦૨ મીલોનુ ચેકીંગ કરવામાં આવેલ જેમાં વિવિધ પ્રકારની આરોગ્યલક્ષી ખામીઓ જેવી કે મીલની અંદરની ગંદકી, અપુરતુ વેન્ટીલેશન, અપુરતા શૌચાલય, સેફટી સાધનોના ઉપયોગ વગર કામદારો કામ કરતા માલુમ પડેલ હતા. તેમજ સમયાંતરે કરવામાં આવતુ કામદારોનુ મેડીકલ ચેકઅપ કરાવવામાં આવેલ ન હતુ.

ઉપરોકત આરોગ્યલક્ષી ખામીઓ બાબતે નોટીસ આપી કુલ રૂા.૮૦,૦૦૦– (અંકે રૂપિયા એસી હજાર પૂરા) વહિવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૩૨** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૮.૨૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૩૭.૮૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૧૦** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૨.૧૦** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

૭૭૭

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૬/૦૨/૨૦૧૮ થી તા.૨૨/૦૨/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૫૭૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૨ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૪ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

# **પ્રેસનોટ**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૩/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૩૪** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૧.૨૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૩.૭૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા **૦૬** EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા **રૂા.૧.૫૪** લાખ હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૧૮** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૦૪** મિલકતના વોટર મીટરના કુલ **રૂા.૬૬,૩૧૮/–** ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

હાલમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સમગ્ર ભારતમાં વિવિધ કામગીરી ચાલી રહેલ હોય જેના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા "Swachh Surat - Green Surat" ના થીમ પર એક સ્પેશીયલ કવર તા.૨૪/૦૨/૨૦૧૮ ના રોજ SURPEX - 2018 પ્રદર્શનમાં સ્પેશીયલ કવર રીલીઝ કરવામાં આવનાર છે જે સદર પ્રદર્શન ખાતે મળી શકશે. આ પ્રદર્શનનું આયોજન ૨૩–૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ પ્રવૃતિ હોલ જીવનભારતી સ્કુલ, નાનપુરા, સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૭:૦૦ કલાક સુધી થયેલ છે.